પાટનગરનું પોતાનું અખબાર
# ગાંધીનગર સમાચાર
હર ઘર તિરંગા

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૪૭ | ૬ ઓગસ્ટ, ૨૦૨૨, શનિવાર; શ્રાવણ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# રેપો રેટ વધ્યો : તમામ લોન મોંઘી થશે

## આરબીઆઈએ રેપો રેટમાં ૦.૫૦ ટકાનો વધારો કર્યો : ભારતમાં નીચા વ્યાજદરની સાયકલ પૂરી થવાના સંકેત : કોરોના અંકુશમાં આવ્યા પછી ત્રીજી વખત રેપો રેટમાં વધારો : ફુગાવાને અંકુશમાં રાખવા આ પગલું અનિવાર્ય હોવાનો આરબીઆઈ ગર્વનરનો દાવો

નવી દિલ્હી, તા.૫

ભારતમાં નીચા વ્યાજદરની સાઈકલ પૂરી થઈ હોય તેમ લાગે છે. રિઝર્વ બેન્ક રેપો રેટ માં સતત વધારો કરતી જાય છે જેના કારણે હોમ લોન અને તમામ પ્રકારની બીજી લોન મોંઘી થશે. જોકે, તેની સાથે સાથે ડિપોઝિટના રેટ પણ વધશે. આરબીઆઈએ આજે અપેક્ષા પ્રમાણે જ રેપો રેટમાં ૦.૫૦ ટકાનો વધારો કર્યો છે. આ સાથે હવે રેપો રેટ ૫.૪૦ થયો છે. રિઝર્વ બેક્નના ગવર્નર શક્તિકાંતા દાસે જણાવ્યું કે રેટ નક્કી કરતી મોનેટરી પોલિસી કમિટી



(એમપીસી)એ જીડીપીના ગ્રોથનો અંદાજ જાળવી રાખ્યો છે. આજે રેટમાં અડધા ટકાના વધારા સાથે જ હવે દેશમાં રેપો રેટ કોવિડ પહેલાના સ્તરે પહોંચી ગયો છે. રિઝર્વ બેન્કે ચાલુ વર્ષમાં ૭.૨ ટકા જીડીપી ગ્રોથનો અંદાજ આપ્યો છે.

રેપો રેટમાં વધારા પછીં જી ડોલર સામે રૂપિયો ૩૭ પૈસા વધ્યો હતો અને ડોલરનો ભાવ રૂ. ૭૯.૧૦ થયો હતો. રૂપિયાની નબળાઈ અંગે વાત કરતા ઈંમ્ના ગવર્નરે કહ્યું કે એક્સચેન્જ રેટમાં વોલેટિલિટી રોકવા માટે ફોરેન

● અનુસંધાન પાન-૭ પર

# પેરા પાવરલિફ્ટિંગમાં સુધીરે ગોલ્ડ જીતીને ઈતિહાસ રચ્યો

## પહેલીવાર ભારતે આ ઈવેન્ટમાં ગોલ્ડ જીત્યો છે : સુધીરે ૨૧૨ કિગ્રા વજન ઉચક્યું અને ગોલ્ડ પોતાના નામે કર્યો : ભારત પાસે કુલ ૬ ગોલ્ડ મેડલ આવ્યા : મુરલીએ વિશેષ ઉપલબ્ધિ મેળવતા લોંગ જમ્પમાં સિલ્વર મેડલ જીત્યો

બર્મિંઘમ, તા.૫

કોમનવેલ્થ ગેમ્સમાં પેરા પાવરલિફ્ટર સુધીરે ઈતિહાસ રચ્યો. તેમણે ભારત માટે ગોલ્ડ મેડલ જીતીને આ કારનામું કર્યું. ભારત પાસે હવે કોમનવેલ્થ ગેમ્સમાં કુલ ૬ ગોલ્ડ મેડલ આવ્યા છે. સુધારે ૨૧૨ કિલોગ્રામ વજન ઉચક્યું અને ગોલ્ડ પોતાના નામે કર્યો. પહેલીવાર ભારતે આ ઈવેન્ટમાં ગોલ્ડ જીત્યો છે. બીજી બાજુ મુરલીએ પણ વિશેષ ઉપલબ્ધિ મેળવતા લોંગ જમ્પમાં સિલ્વર મેડલ જીત્યો છે.

સુધીર ભારત માટે પેરા પાવરલિફ્ટિંગમાં સુવર્ણ જીતનારા પહેલા એથલિટ બન્યા છે. સુધીર કોમનવેલ્થ ગેમ્સમાં પેરા પાવરલિફ્ટિંગમાં ગોલ્ડ જીતનારા પહેલા ભારતીય છે. તેમણે પોતાના બીજા પ્રયત્નમાં ૨૧૨ કિલોગ્રામ વજન ઉઠાવીને રેકોર્ડ ૧૩૪.૫ અંક સાથે ગોલ્ડ જીત્યો જો કે અંતિમ પ્રયત્નમાં ૨૧૭ કિલોગ્રામ વજન ઉઠાવવામાં તેઓ સફળ થયા નહીં. નાઈજીરિયાના ઈકેચુકવું ક્રિસ્ટિયન ઉબિચુકવુંએ ૧૩૩.૬ અંક સાથે સિલ્વર મેડલ જીત્યો જ્યારે સ્કોટલેન્ડના મિકી યુલેએ ૧૩૦.૯ અંક સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો. ક્રિસ્ટિયને ૧૯૭ કિલોગ્રામ જ્યારે યુલેએ ૧૯૨ કિલોગ્રામ વજન ઉઠાવ્યું હતું.

લોંગ જમ્પમાં મુરલી શ્રીશંકરે પણ ઈતિહાસ



રચી નાખ્યો અને સિલ્વર મેડલ પોતાના નામે કર્યો. અત્રે જણાવવાનું કે કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૨ની એથલેટિક્સ ઈવેન્ટમાં ભારતનો આ બીજો મેડલ છે. આ અગાઉ તેજસ્વીન શંકરે હાઈ જમ્પમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. શ્રીશંકર ઉપરાંત મોહમ્મદ

● અનુસંધાન પાન-૭ પર

# થાઈલેન્ડમાં નાઈટ ક્લબમાં આગથી ૧૩નાં મોત

## બેંગકોકના ચોનબુરીમાં એક મોટી દુર્ઘટના : ૩૫ અન્યને ઈજા, ઈજાગ્રસ્તોમાં કેટલાકની હાલત ગંભીર

બેંગકોક, તા.૫

થાઈલેન્ડની રાજધાની બેંગકોકના ચોનબુરીમાં એક મોટી દુર્ઘટના ઘટી છે. ત્યાં એક નાઈટ ક્લબમાં આગ લાગવાના કારણે ૧૩ લોકોના મોત નીપજ્યા છે. આ ઘટનામાં ૩૫ અન્ય લોકો ઈજાગ્રસ્ત થઈ ગયા.

પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર સ્થાનિક સમયાનુસાર શુક્રવાર રાતે આ ઘટના ઘટી.

ઘટનાની માહિતી મળતા જ પોલીસ અધિકારી અને ફાયર બ્રિગેડ ઘટના સ્થળે પહોંચી. જે સમયે આગ લાગી તે સમયે નાઈટક્લબમાં મોટી સંખ્યામાં લોકો હાજર હતા. મૃતકો અને ઈજાગ્રસ્તોને હોસ્પિટલ લઈ જવાયા. ઈજાગ્રસ્તોમાં અમુકની હાલત ગંભીર છે.

નાઈટક્લબમાં મોટી સંખ્યામાં લોકો હાજર હતા. પોલીસ કર્નલ વુટિપોંગ સોમજાઈએ જણાવ્યુ કે સટ્ટાહિપ જિલ્લાના માઉન્ટેન બી નાઈટ ક્લબમાં આગ લગભગ ૧.૦૦ વાગે લાગી હતી. મોટા ભાગના પીડિત થાઈ નાગરિક છે. અમુક વિદેશી પણ ઈજાગ્રસ્ત થયા છે.



# મોંઘવારી વિરુદ્ધ દેશભરમાં કોંગ્રેસનો હલ્લાબોલ કાર્યક્રમ

## રાહુલ, પ્રિયંકા ગાંધી સહિત અનેક નેતાઓની અટકાયત : રાહુલ ગાંધીએ સાંસદો સાથે સંસદ ભવનથી રાષ્ટ્રપતિ ભવન સુધી માર્ચ કાઢી ત્યારે તેમને વિજય ચોક ઉપર જ રોકી દીધા



નવી દિલ્હી, તા.૫

મોંઘવારી વિરુદ્ધ શુક્રવારે દેશભરમાં કોંગ્રેસનું હલ્લાબોલ ચાલ્યું હતું. વિરોધ પ્રદર્શન દરમિયાન દિલ્હી પોલીસે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીની અટકાયત કરી હતી.

કોંગ્રેસના અનેક સાંસદો વિજય ચોક પર ધરણા ધરીને બેઠા હતા. વાત જાણે એમ છે કે રાહુલ ગાંધી કોંગ્રેસ સાંસદો સાથે સંસદ ભવનથી રાષ્ટ્રપતિ ભવન સુધી માર્ચ કાઢી રહ્યા હતા. પરંતુ પોલીસે તેમને વિજય ચોક ઉપર જ રોકી દીધા અને રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી સહિત અનેક કોંગ્રેસના નેતાઓની અટકાયત કરી હતી. પોલીસે આ માર્ચની મંજૂરી આપી નહતી. વિસ્તારમાં કલમ ૧૪ ૪લાગૂ કરી દેવાઈ હતી.

દિલ્હીમાં કોંગ્રેસ કેન્દ્રની મોદી સરકાર વિરુદ્ધ પ્રદર્શન અને માર્ચ કરી રહી છે. સંસદ ભવન અને રાષ્ટ્રપતિ ભવન વચ્ચે રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી સહિત કોંગ્રેસના નેતાઓએ કાળા કપડાં પહેરીને પ્રદર્શન કર્યું. આ દરમિયાન દિલ્હી પોલીસે રાહુલ ગાંધી સહિત અનેક કોંગ્રેસ સાંસદોની અટકાયત કરી.

કોંગ્રેસ ઓફિસથી માર્ચ કાઢી રહેલા પ્રિયંકા ગાંધીની પણ અટકાયત કરવામાં આવી છે. સંસદ ભવનથી પાર્ટી સંસદોની માર્ચ શરૂ થતા પહેલા કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી પણ તેમાં થોડીવાર માટે સામેલ થયા હતા. પાર્ટી સાંસદોએ કાળા કપડાં પહેર્યા હતા. પોલીસે કોંગ્રેસ નેતાઓને વિજય ચોક પર જ રોકી લીધા. કોંગ્રેસ સાંસદ રાષ્ટ્રપતિ ભવન પહોંચવા માંગતા હતા.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ અટકાયતમાં લેવાયા તે પહેલા મીડિયાકર્મીઓ સાથે વાતચીત કરતા દિલ્હી પોલીસ પર પાર્ટી કાર્યકરો સાથે મારપીટનો આરોપ લગાવ્યો. રાહુલ ગાંધીએ કહ્યું કે અમે અહીં મોંઘવારી અને બેરોજગારીના મુદ્દાઓ પર ઊભા છીએ. અમે આગળ વધવા માંગતા હતા પરંતુ પોલીસે અમને મંજૂરી આપી નહીં.

# બિહારના છપરામાં ઝેરી દારૂ પીવાથી ૮ના મોત : ૧૨ની આંખ જતી રહી

છપરા, તા.૫

દારૂબંધી હોવા છતાં બિહારના છપરામાં નકલી દારૂના કારણે મોતના મામલામાં મૃત્યુઆંક વધીને ૮ થયો છે. તે જ સમયે, ૧૨ લોકોએ તેમની આંખોની રોશની ગુમાવી છે. બુધવારે નકલી દારૂ પીવાને કારણે કેટલાક લોકોની તબિયત બગડતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ કેસમાં અત્યાર સુધીમાં ૮ લોકોએ જીવ ગુમાવ્યા છે. તે જ સમયે, પટના(ૈંહફ્ક)ના ખાનગી નર્સિંગ હોમમાં ઘણા લોકોની સારવાર કરવામાં આવી રહી છે.

**નકલી દારૂ પીવાને કારણે કેટલાક લોકોની તબિયત બગડતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા**

ઘટના બુધવારે મેકર પોલીસ સ્ટેશન વિસ્તારના ધનુક ટોલી ગામની છે. બનાવની જાણ થતાં આરોગ્ય વિભાગની ટીમ ગામમાં પહોંચી હતી. અહીં તપાસ કરતાં જાણવા મળ્યું કે પીડિતાઓએ અલગ-અલગ જગ્યાએ નકલી દારૂ પીધો હતો અને પોતપોતાના ઘરે પરત ફર્યા હતા. બુધવારે રાત્રે તેમની તબિયત બગડતાં તેમને સારવાર માટે છાપરાની સદર હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. ગ્રામજનો ગંભીર રીતે બીમાર દર્દીઓને સદર હોસ્પિટલ છાપરાથી પીએમસીએચ પટના સારવાર માટે લઈ ગયા.

સદર હોસ્પિટલમાં દાખલ દર્દીઓની હાલત જાણવા ગુરુવારે ડીએમ અને એસપી પોતે

● અનુસંધાન પાન-૭ પર

# દાઉદના જમણા હાથ સલીમ કુરૈશીની મુંબઈથી ધરપકડ

નવી દિલ્હી, તા.૫

રાષ્ટ્રીય તપાસ એજન્સીએ દાઉદ ઈબ્રાહિમના જમણા હાથ સમાન છોટા શકીલના સંબંધી સલીમ કુરૈશીની મુંબઈ ખાતેથી ધરપકડ કરી છે. તે સલીમ ફ્રૂટ તરીકે પણ ઓળખાય છે. આતંકવાદ વિરોધી એજન્સીએ ગત મે મહિનામાં પણ ભાગેડુ ગેંગસ્ટર દાઉદ ઈબ્રાહિમના સહયોગીઓને શોધવા માટે મુંબઈ અને થાણેના ૨૦થી વધુ સ્થળોએ દરોડો પાડ્યો હતો.

દુ:ખદ અવસાન



૧૯૭૬-૨૦૨૨

ઊંડા શોક અને અત્યંત ખેદ સાથે જણાવવાનું કે
Prudent Group ના CEO શ્રી શિરીષ પટેલ નાં ધર્મપત્ની

શ્રીમતી હર્ષિદા શિરીષ પટેલ

નું તા. ૩-૮-૨૦૨૨ ને બુધવાર નાં રોજ દુઃખદ અવસાન થયેલ છે.

ઈશ્વર સદ્દગતના આત્માને શાંતિ અર્પે અને સમસ્ત પટેલ પરિવારને કદી ન પૂરી શકાય એવી ખોટની આ કપરી ઘડી સહન કરવાની શક્તિ આપે.

અમે મુશ્કેલ ક્ષણોમાં શિરીષ પટેલ અને તેમના પરિવારજનોના દુઃખમાં સહભાગી છીએ.

હર્ષિદાબેન સદાય અમારી પ્રાર્થનામાં રહેશે.

શોકમગ્ન

Management, Staff & entire Prudent Family

An Independent Retail Wealth Management Services Group
Prudent
— Money through wisdom —